ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૦૯-૦૬-૨૦૨૨

- **કોંગ્રેસની સીધી માહીતીને આધારે ખેતીવાડી ખાતાએ મોરૈયા - અમદાવાદ ખાતેથી દેશના સૌથી મોટા "બીજ બુટલેગર"નો નકલી બીટી કપાસ બીજનો જથ્થો જપ્ત કર્યો - મનહર પટેલ**
- **આ મહાન " બીજ બુટલેગર " સ્ટેટ અને નેશનલ સીડ એશોસીએશનનો હોદ્દેદાર છે તે રાજય સરકાર ખરાય કરે - મનહર પટેલ**
- **તા.૦૪.૦૬.૨૦૨૨ ના રોજ રાતે ૪૦,૦૦૦ પેકેટ નો જથ્થો ખેતાવાડી ખાતાએ જપ્ત કર્યો, આ " બીજ બુટલેગર " સ્પોટ પોલીસ ફરિયાદ કરવાને બદલે ખેતીવાડી ખાતુ કાયદાની ચોપડી વાંચવાનુ જણાવે છે. - મનહર પટેલ**
- **માન્યતા વગરના બીટી કપાસનુ ઉત્પાદન કરવુ કે તેનુ વેચાણ કરવુ તે બંધારણીય રીતે ગુનો છે આવી ગુનાહિત પ્રવૃતિ કરતી કંપની કે ઇસમોને ગુજરાત રાજય સીડ એશોસીએશનને તેને સભ્ય પદે દુર કરવા જોઇએ - મનહર પટેલ**

ગુજરાતમા છેલ્લા ૧૭ વર્ષથી ગેરકાયદેસર રીતે કરોડો રુપિયાનો બીટી કપાસ બીજનો વેપાર અનેક ઇસમો કરી રહ્યા છે, પરંતુ તે પૈકીના અમુક ઇસમો સરકારની છાતી ઉપર રહીને કરે છે.

આવા ઇસમો કૃષિ જગતમા પોતાની વૈજ્ઞાનિક અને કૃષિ નિષ્ણાંતની ઓળખ ઉભી કરીને નવા નવા ખેડુત સમુહનો વિશ્વાસ હાંસલ કરીને છેલ્લા ૧૭ વર્ષથી ખેડુતોને મોંઘા ભાવનુ ગેરકાયદેસર રીતે બીટી કપાસ બીજ પધરાવે છે અને લાખો ખેડુતોને આર્થિક બરબાદ કર્યા છે, આ બીટી કપાસ બીજ વેચાણ સંપુર્ણ ગેરકાયદેસર અને વગર બિલનુ હોય પાક નિષ્ફળ જાય તેની પોલીસ ફરીયાદ કે સરકારી રાહે કાયેદેસર કાર્યવાહી ખેડુતો કરી શકતા નથી, અને કયારેક સંજોગો એવા પણ બને છે ખેડુત આર્થિક સંકડામણને કારણે આત્મહત્યા કરવા સુધીના પગલા ભરે છે, નબળા બિયારણને કારણે લાખો ખેડુતો આર્થિક પાયમાલ થયા છે, માટે રાજયમા ખેડુતોને છેતરતા આવા ઇસમોને દબોચવા અને તેમના ગેરકાયદેસર બીટી કપાસનો જથ્થા પકડવા ખાસ ટુકડીઓ બનાવી તેને દબોચવાની કાર્યવાહી કરવી જોઇએ...

કોંગ્રેસ પક્ષે એક મુહીમ ઉપાડી છે કે રાજયના કોઇપણ ખેડુતના ખેતર સુધી નકલી / માન્યતા વગરનુ બીટી કપાસ બીજ ન પહોચે..અમે આ દિશામા રાજય સરકાર અને તેના ખેતીવાડી ખાતાને સતત જાગૃત કરીને પક્ષ પાસે આવેલ માહીતી પહેચાડી રહ્યા છીએ,

આવી રીતે મળતી માહીતીના આધારે તા.૦૪.૦૬.૨૦૨૨ ના રોજ રાજય સરકારે મોરૈયા વિસ્તારના છાપા માર્યા અને આશરે ૨૦ હજાર કિલો ગેરકાયદેસર બીટી કપાસ બીજનો જથ્થો જપ્ત કર્યો, તેમા "વન મેન સો" અને


પીંકગાડઁ નામના પેકેટમા જથ્થો પેક થતો હતો, આ ઈસમ દેશનો સૌથી મોટો "બીજ બુટલેગર" છે. એ પકડાયેલ જથ્થા ઉપરથી ફલિત થાય છે.

ખેડુત ભાઈને નમ્ર નિવેદન કે આ બીજ બુટલેગર છેલ્લા ૧૭ વર્ષથી બીટી કપાસનુ ગેરકાયદેસર વેપાર અલગ - અલગ તેને બનાવેલ બ્રાન્ડમા પેક કરે છે, જેવી કે પીંકગાડઁ-4G/5G, વીડગાડઁ,બેગમ, ઓલરાઉન્ડર, લીડર અને આ બ્રાન્ડ વાળા પેકેટ સરકારમા પકડાય તો તે બીજી વખત એ નામથી પડીકા પેક કરતા નથી, ટુંકમા બુટલેગર તેના ધંધાની વેચાણ પધ્ધતિ બદલે તેમ આ બીજ બુટલેગર બદલીને ખેડુતોને છેતરે છે.આવી બાબતોથી ખેડુતો સાવધ રહે.

ઉપરાતં આવા બીજ બુટલેગરો પોતાના ગેરકાયેદસર વેપારને સુરક્ષિત કરવા આવા ઈસમો પોતાનો રાજકીય વગ પહેલી ઉભી કરે છે, અને તેના વિષય સાથે જોડાયેલ સંસ્થાઓ મહત્વના પદો પર રહીને સરકારની કદમબોચી કરતા હોય છે, માટે રાજય સરકાર પાસે અમારી માંગ છે કે ગેરકાયદેસર રીતે બીટી કપાસ બીજનો જે જથ્થો જપ્ત કર્યાઁ તેના સંચાલકો જો ગુજરાત સ્ટેટ સીડ એસોશીએશન અને નેશનલ સીડ એસોશીએશનના સભ્ય / કોઈ પદ પર હોય તો તેમની પુરી વિગત રાજયના ખેડુતોના વિશાળ હીતમા જાહેર કરે જેથી નિદાઁષ ખેડુતો આવા " બીજ બુટલેગરો" થી જાગૃત રહે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ


1 MAN SHOW
Premium Hybrid Cotton Seeds
Premium
Quality
RECOMMENDED
Pinkguard 4
RECOMMENDED


पिंकगॉर्ड IV
II-18
LOT NO.
DATE OF TEST
DATE OF PACKING
VALID UP TO
NET WEIGHT 450 g
Protection against Pink Bollworms